# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-09-2025** Day: Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ધોરડો 100 ટકા સોલરાઇઝેશન

યુનાઇટેડ નેશનલ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન (UNWTO) દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' તરીકે પ્રતિષ્ઠિત કચ્છના ધોરડો ગામનું 100% સોલરાઇઝેશન કરવામાં આવ્યું છે. આવતીકાલે ભાવનગર ખાતે આયોજિત 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી સૂર્યઘર મુફ્ત બીજલી યોજના હેઠળ ધોરડો ગામના 100% રહેણાંક હેતુના વીજજોડાણોનું સોલરાઇઝેશન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ થકી ધોરડોના 81 રહેણાંક ઘરો માટે 177 કિલોવોટની સોલાર રૂફટોપ કેપેસિટી મળશે. આ પ્રોજેક્ટના કારણે ગામના દરેક વીજ વપરાશકર્તાને વાર્ષિક ₹16,064 નો આર્થિક લાભ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટથી વાર્ષિક 2 લાખ 95 હજાર યુનિટ ઉત્પાદનની સંભાવના છે.

આ બાબતે ધોરડો ગામના સરપંચ મિંયા હુસેને જણાવ્યું કે, “આ છેવાડાનું ગામ છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રયાસોથી આ ગામમાં પહેલાથી ઘણો વિકાસ થયો છે. હવે આખા ગામના ઘરોમાં સોલાર રૂફટોપ લાગવાથી લોકોનું બિલ સાવ ઓછું થઇ જશે અને તેનાથી ગામના લોકોને ઘણો ફાયદો થશે. આ કામગીરીથી ગામના લોકોમાં અત્યંત ખુશીની લાગણી છે.”

ઉલ્લેખનીય છે કે મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી ગામ બાદ, ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ બન્યું છે.

---

## સ્વચ્છતા હી સેવા : સ્વચ્છોત્સવ

“સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ અને “સ્વચ્છોત્સવ ” અંતર્ગત કચ્છમાં વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. નખત્રાણા ખાતે વૃક્ષારોપણ અને સામૂહિક સફાઇ કામગીરી કરાઇ હતી. સુગારીયામાં કમ્પોન્ટનું ખાતમૂહુર્ત, રાપર ખાતે વાણિજ્ય વિસ્તારોમાં રાત્રિ સફાઇ કામગીરી તેમજ પડાણા ખાતે સાર્વજનિક જગ્યાઓ, તળાવો વગેરેની સફાઇ કરાઇ હતી. કોટડા- ઉગમણા, સામખીયાળી, ખારોઇ સહિતના ગામોમાં સફાઇ અભિયાન સાથે વ્યક્તિગત શૌચાલયના લાભાર્થીઓને મંજૂરીપત્રો અપાયા હતા તેમજ લાખિયાવીરા ખાતે સામૂહિક શૌચાલયના ખાતમૂહુર્ત માટેની કામગીરી કરાઇ હતી.

------------------------------------------------------------------------------------

## કચ્છ : સ્વસ્થ નારી : સશક્ત પરિવાર પખવાડીયું

સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું” અંતર્ગત આજરોજ દેશલપર ગુંતલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલા મેડીકલ કેમ્પનો મહિલા, તરૂણીઓ તથા બાળકોએ લાભ લીધો હતો. કેમ્પમાં મહિલાઓ અને બાળકોની વિવિધ આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. કેમ્પમાં માતા અને બાળક સંરક્ષણ કાર્ડ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના નોંધણી, આયુષ્માન વય વંદના કાર્ડ, સિકલ સેલ કાર્ડ, પોષણ ટ્રેકરમાં લાભાર્થીઓની નોંધણી સહિતની કામગીરી પણ કરવામાં આવી હતી.

તો જીલ્લાની તમામ આંગવાડીઓમાં પોષણમાસ 2025 હેઠળ આંગણવાડીમાં સફાઇ સાથે પોષણયુક્ત વાનગી નિદર્શન, રંગોળી દ્વારા યોગ્ય આહાર અંગે જાગૃતિ સંદેશ સહિત લાભાર્થીઓ માટે આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું હતું.

------------------------------------------------------------------------------------

## ચલો જીતે હૈ – ગાંધીધામમાં શો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ", ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિઃશુલ્ક બતાવવામાં આવી રહી છે, ગાંધીધામ ખાતે રાજહંસ

સિનેમામાં આ ફિલ્મના દરરોજ બે શો ચાલી રહ્યા છે. ફિલ્મને જોઈ શાળાના બાળકોને નવી ઉર્જા, નવી પ્રેરણા મળી રહી છે. તો યુવાન વર્ગથી લઇને વડીલો પણ આ ફિલ્મને પ્રેરણાદાયી ગણાવી રહ્યા છે. ગુજરાત ખાદી ગ્રામ ઉદ્યોગના પૂર્વ ડાયરેકટર મોમાયાભા ગઢવીએ ફિલ્મ વિશે આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઇટ : મોમાયાભા ગઢવી)

----------------------------------------------------------------------------------------

## માતાના મઢમાં દર્શનાર્થીઓની ભીડ

માતાનામઢ ખાતે આજે બપોર સુધી ૨૫ હજારથી વધુ ભાવિકોએ મા આશાપુરાના દર્શન કર્યા હતા. સવારથી જ ભીડ જોવા મળી હતી. છેલ્લા ત્રણ દિવસથી સામખિયાળીથી ભુજ માતાનામઢ સુધીના રસ્તામાં પદાયત્રીઓનો પ્રવાહ અવીરત ચાલુ છે. ભુજથી માતાનામઢ સુધી 500થી વધુ સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. આવતીકાલે શનિવાર અને રવિવારે લાખો શ્રદ્ધાળુઓ માતાનામઢ શીશ નમાવવા આવે તેવી શક્યતા છે. માતાનામઢમાં રવિવારે ઘટસ્થાપન સાથે નવરાત્રિ પર્વનો પ્રારંભ થશે.

----------------------------------------------------------------------------------------

## કચ્છ પ્રા.શિ.અ.નો ચાર્જ અપાયો

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લેતા ખાલી પડેલી જગ્યાનો હવાલો પાટણના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એન.બી.ચાવડાને સોંપાયો છે. શ્રી ચાવડાને પાટણ ઉપરાંત કચ્છના પ્રાથમિક શિક્ષણ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## નવરાત્રિ આયોજકો દ્વારા લાઉડ સ્પીકરની મંજૂરી

નવરાત્રીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વિવિધ ગરબી મંડળો અને કોમર્શીયલ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરનાર આયોજકો પૂર્વે તૈયારીઓમાં વ્યસ્ત થયા છે. ભુજ સિટી અને ગ્રામ્ય પંથકમાં નવરાત્રિ મહોત્સવમાં આયોજકો વિવિધ મંજૂરી મેળવવાની કામગીરીમાં જોતરાયા છે. ભુજ સિટી અને ગ્રામ્ય મામલતદાર કચેરીથી પ્રાપ્ત વિગત અનુસાર ભુજ સિટીમાં ૩૧ અને ગ્રામ્યમાં ૧૩ નવરાત્રિ આયોજકોએ સ્પીકર વગાડવા મંજૂરી મેળવી છે.

-------------------------------------------------------------------------------